**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2020

**Subject Name: Accounting & Finance - I**

**Subject Code: 4CO01AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester : 1** **Date : 18/03/2021** **Time : 03:00 To 06:00** **Marks :70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ભાડે ખરીદપધ્ધતિમાં ખરીદનારને ક્યારે માલની ડિલિવરી અપાય? 1

(A)પ્રથમ હપતો ચૂકવાય ત્યારે (B) કરાર પર સહી થાય ત્યારે

(C)છેલ્લો હપતો ચૂકવાય ત્યારે (D) ઉપરનામાંથી એકેય નહિ

**b)** ડિબેન્ચર એ......................... છે? 1

(A)જામીનગીરી (B) માલિકીની મૂડી (C) અનામત (D) એક પણ નહિ

**c)** સોલિસિટર, વકીલ, ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે સામાન્ય રીતે પોતાના હિસાબો કઇ પધ્ધતિએ રાખે છે? 1

(A)રોકડ પધ્ધતિ (B) એકનોંધી પધ્ધતિ (C) દ્વિનોંધી પધ્ધતિ (D) બેંક પધ્ધતિ

**d)** શેર એ કંપનીનો .............. નો નાનો હિસ્સો છે? 1

(A) અનામત (B) મૂડી (C) મિલકત (D) ખર્ચ

**e)** કંપનીના ખરા માલિકો કોણ? 1

(A) કંપનીના સ્થાપકો (B) કંપનીનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

(C) કંપનીના ઓર્ડિનરી શેરધારકો (D) કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સ

**f)** દર વર્ષના અંતે ચૂકવેલ વ્યાજ અને ઘસારાની રકમ.............. ખાતે લઇ જવામાં આવે છે? 1

(A) મિલકત (B) નફાનુક્શાન (C) ખરીદનાર (D) વેચનાર

**g)** કઇ પધ્ધતિમાં છેલ્લે ખરીદેલ માલ સ્ટોકમાં હશે? 1

(A) ફિફો પધ્ધતિ (B) પ્રમાણ ભાવ પધ્ધતિ

(C) ભારિત સરેરાશ પધ્ધતિ (D) લિફો પધ્ધતિ

**h)** માલમિલકતની કરાર કિંમતમાંથી રોકડકિંમત બાદ કરતા તફાવતની રકમને ........કહે છે 1

(A) મૂળ રકમ (B) વેચાણકિંમત (C) વ્યાજ (D) હપતો

**i)** પુન: સ્થાપનાના હિસાબોમાં વધારાની મિલકતના બાંધકામ અંગેનું ખર્ચ ગણાય છે? 1

(A)મૂડી ખર્ચ (B) રોકડ ખર્ચ

(C)મહેસૂલી ખર્ચ (D)પરચૂરણ ખર્ચ

**j)** મિલકતની રોકડકિંમત + વ્યાજ = ........... 1

(A)કરાર કિંમત (B)બજારકિંમત

(C)ઘસારાબાદ (D)ખરીદકિંમત

**k)** કઇ પધ્ધતિમાં આખર સ્ટોકની કિંમત ચાલુ બજાર ભાવની કિંમત નજીક હોય છે? 1

(A)લિફો પધ્ધતિ (B) ફિફો પધ્ધતિ

(C) ભારિત સરેરાશ પધ્ધતિ (D) નિશ્ચિત ભાવ પધ્ધતિ

**l)** કાયમી મૂડી ઊભી કરવા માટે કઇ જામીનગીરી બહાર પાડવી જોઇએ? 1

(A) ઇક્વિટી શેર (B) પ્રેફરન્સ શેર (C)ડિબેન્ચર

(D) કન્વર્ટિબલ પ્રેફરન્સ શેર (E) ઉપરોક્ત તમામ

**m)** જૂના કાટમાળનો ઉપયોગ નવા બાંધકામમાં કરવામા આવ્યો હોય તો તે`````````` 1

(A)મહેસૂલી આવક ગણાય (B)મૂડી આવક ગણાય

(C)વૈકલ્પિક આવક ગણાય (D)આકસ્મિક આવક ગણાય

**n)** સોલિસિટર, વકીલ, ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે નામાપધ્ધતિનીપરિભાષામાં............ 1

(A)વ્યવસાયી વ્યક્તિઓ છે (B) વેપારી પેઢીઓ છે

(C)કંપનીઓ છે (D) નાગરિકો છે

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**A** હિસાબો રાખવાની પધ્ધતિ સમજાવો. **7**

**B** પ્રેફરન્સ શેર અને ઓર્ડિનરી શેર વચ્ચેનો તફાવત આપો. **7**

**Q-3** **Attempt all questions** **(14)**

**A** અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશન શહેર વિસ્તારમાં રૂ ૧૦,૦૦,૦૦૦ ના ખર્ચે પાણીની પાઇપલાઇન નાખી હતી. કોર્પોરેશને વધતી જતી માંગને પહોંચી વળવા નવી વધારાની પાઇપલાઇન નાંખવાનો તથા જૂની પાઇપલાઇન બદલીને તેની પુન:સ્થાપના કરવાનો નિર્ણય કર્યો. રૂ ૧૨,૫૦,૦૦૦ ના ખર્ચે નવી પાઇપલાઇન નાખી, જ્યારે રૂ ૩૨,૫૦,૦૦૦ ના ખર્ચે જૂની ભંગાર પાઇપલાઇન બદલીને નવી પાઇપલાઇન નાંખી. ભાવ વધારો ૧૨૫% થયો છે. જૂના માલસામાનના રૂ ૨,૫૦,૦૦૦ ઊપજ્યા. **7**

જરૂરી આમનોંધ લખો.

**B** નીચેની માહિતી પરથી **લિફો પધ્ધતિથી** આખર માલસિલક(સ્ટોક) ના મૂલ્યની ગણતરી કરો. **7**

**આવક :**

તા. ૧-૪-૨૦૧૬ ૫૦૦ એકમો ભાવ રૂ ૪.૫૦ એકમદીઠ

તા. ૨૧-૬-૨૦૧૬ ૭૫૦ એકમો ભાવ રૂ. ૬.૦૦ એકમદીઠ

**જાવક :**

તા. ૧૧-૪-૨૦૧૬ ૪૦૦ એકમો

તા. ૨૫-૬-૨૦૧૬ ૬૦૦ એકમો

**Attempt all questions** **(14)**

**Q-4**

| | | |
|---|---|---|
| **A** | તફાવત આપો : ફિફો પધ્ધતિ અને લિફો પધ્ધતિ | **7** |
| **B** | ટૂંકનોંધ : લોન સિન્ડીકેશન | **7** |

**Q-5** **(14)**

સોલિસિટર રામ તમોને તા. 31-3-2014 ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ પૂરું પાડે છે. તેના પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

તા. 31-3-2014 ના રોજનું કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ રૂ | જમા બાકી | રકમ |
|---|---|---|---|
| લાઇબ્રેરી પુસ્તકો | 45,000 | મૂડી | 50,000 |
| ઓફિસ સાધનો | 30,000 | બાકી ફી અનામત (1-4-2013) | 16,000 |
| ઓફિસ મકાન | 75,000 | ચૂકવવનો બાકી પગાર | 6,000 |
| ઓફિસ ખર્ચા | 25,000 | ફી ના બિલો | 1,96,000 |
| પગાર અને ભથ્થાઓ | 30,000 | શિખાઉ ઉમેદવારનું પ્રીમીયમ (તા. 1-4-2013 થી બે વર્ષ માટે) | 10,000 |
| બેન્ક સિલક : | | | |
| ઓફિસ | 20,000 | | |
| અસીલ | 10,000 | | |
| રોકડ સિલક | 3,000 | | |
| ફી અંગેના દેવાદારો | 25,000 | | |
| અસીલોના પરચૂરણ ખર્ચા | 15,000 | | |
| | 2,78,000 | | 2,78,000 |

વધારાની માહિતી :

(1) અસીલો પાસેથી રૂ 6,000 એડવાન્સ ફી મળેલ છે, જેનો સમાવેશ ફીનાં બિલોમાં થયેલ છે.

(2) ઓફિસ ખર્ચા રૂ 1000 નો સમાવેશ ભૂલથી અસીલોના પરચૂરણ ખર્ચમાં થયેલ છે.

(3) મૂડી પર 20% વ્યાજ ગણો.

(4) પુસ્તકો, ઓફિસ સાધનો અને મકાન પર 10% ઘસારો ગણો.

**Q-6** **(14)**

મહેશે જયેશ પાસેથી એક યંત્ર તા. 1-4-2008 ના રોજ ખરીદ્યુ. વિગતો નીચે પ્રમાણે હતી.

(1)યંત્રની રોકડકિંમત રૂ 22,000.

(2)ખરીદી તારીખે ચૂકવેલ રકમ રૂ 7,000

(3)હપતાઓ નીચે પ્રમાણે ચૂકવ્યા :

પ્રથમ હપતો રૂ 6,500 તા. 31-3-2009 ના રોજ

બીજો હપતો રૂ 6,000 તા. 31-3-2010 ના રોજ

ત્રીજો અને છેલ્લો હપતો રૂ 5,500 તા. 31-3-2011 ના રોજ

(4)ચૂકવવાની બાકી રહેતી રોકડ કિંમત પર જયેશે વાર્ષિક 10% લેખે વ્યાજ વસૂલ કર્યું છે.

(5)મહેશે ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 10% ના દરે ઘસારો ગણ્યો છે.

(6)બંને પક્ષકારોના હિસાબી વર્ષ તા 31 મી માર્ચના રોજ પૂરાં થાય છે. ઉપરની વિગતો પરથી તૈયાર કરો:

મહેશના ચોપડામાં ભાડે ખરીદ પધ્ધતિ મુજબ દરેક વર્ષની આમનોંધ લખો.

**Q-7** **Attempt all questions** **(14)**

**A** લિફો પધ્ધતિ વિશે સમજાવી તેના ફાયદા અને ગેરફાયદાઓ સમજાવો. **7**

**B** ટૂંકનોંધ : બુક બિલ્ડિંગ **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**A** ધી સુરત ગેસ કંપની લિમિટેડે પોતાના કારખાનાનો અમુક ભાગ ફરી બાંધવા અંગે રૂ ૭.૭૦,૦૦૦નો ખર્ચ કર્યો. આ રીતે જે જૂનો ભાગ કાઢી નાખ્યો તેની મૂળ કિંમત રૂ ૫,૦૦,૦૦૦ હતી. પરંતુ જો અત્યારે તે બાંધવામાં આવે તો તેની પડતર ૨૦ ટકા વધુ આવે. જૂના માલસામાનના વેચાણમાંથી રૂ ૬૦,૦૦૦ ઊપજ્યા અને રૂ ૩૦,૦૦૦ ની કિંમતનો જૂનો માલસામાન નવા બાંધકામમાં વાપર્યો હતો. **7**

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ આપો. અને કેટલી રકમ મહેસૂલી ખર્ચ તરીકે ઉધારવી તે જણાવો.

**B** એક કારખાનામાં માર્ચ, 2016 દરમિયાન માલસામાન 'K' અંગે આવક અને જાવકની માહિતી નીચે મુજબ છે. **7**

આવક :

| | |
|---|---|
| 1-3-2016 | 800 એકમો ભાવ રૂ 6 એકમદીઠ |
| 10-3-2016 | 900 એકમો ભાવ રૂ 8 એકમદીઠ |
| 20-3-2016 | 600 એકમો ભાવ રૂ 7 એકમદીઠ |

જાવક :

| | |
|---|---|
| 8-3-2016 | 600 એકમો |
| 15-3-2016 | 800 એકમો |
| 25-3-2016 | 500 એકમો |

ફિફો (FIFO) પધ્ધતિ મુજબ સ્ટોક પત્રક તૈયાર કરો.